**લીમ્બાયત વિસ્તારમાં પિસ્તોલ બતાવી કરાયેલ સોના-ચાંદીના દાગીનાની મધુર ગોલ્ડ નામની દુકાનમાં લુંટ તથા ફોર વ્હીલ કાર ચોરીના ગુનાનો ભેદ ઉકેલી રીઢા આરોપીની ધરપકડ કરતી સુરત શહેર ક્રાઇમ બ્રાંચ :-**

ગઇ તા.૦૯/૦૪/૨૦૧૮ ના રોજ સુરત શહેરના લીમ્બાયત પો.સ્ટે. વિસ્તારમાં આવેલ મધુરમ ગોલ્ડ નામની સોના-ચાંદીના દાગીનાની દુકાનમાંથી ત્રણ અજાણ્યા ઈસમોએ ફરીયાદીને પિસ્ટલ જેવુ હથિયાર બતાવી -ધાક ધમકી આપી, દુકાનમાંથી સોના-ચાંદી તથા ઈમીટેશન જવેલરી તેમજ ગ્રહોના નંગ મળી કુલ્લે રૂપિયા ૧,૪૯,૫૦૦/-ના મતા લુંટ કરી, આજુબાજુના દુકાનવાળાઓને પણ પિસ્ટલ બતાવી ધમકી આપી ફોર વ્હીલ કાર નં.GJ05-CL-4760 કારમાં નાશી ગયેલ. જે અનુસંધાને લીમ્બાયત પો.સ્ટે. I ગુ.ર.નં.૧૦૪/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૯૨, ૩૯૭, ૩૪૨, ૪૫૨, ૫૦૬(૨), ૧૧૪ તથા આર્મ્સ એક્ટ ક્લમ ૨૫(૧)(એ)(૨૯) તથા જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબનો ગુનો રજિસ્ટર કરવામાં આવેલ. જેથી ક્રાઇમ બ્રાંચની જુદી જુદી ટીમો વર્ક આઉટમાં જોડાયેલ હતી. તે દરમ્યાન ગુનામાં વપરાયેલ હ્યુન્ડાઇ વર્ના કાર નં. GJ-05-CL-4760 ની તપાસ દરમ્યાન સદરહુ કાર પણ ચોરી થયેલ હોવાની હકીકત જણાયેલ તથા આ વાહન ચોરી બાબતે લીમ્બાયત પો.સ્ટે. I ગુ.ર.નં. ૭૦/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯ ગુન્હો રજિસ્ટર થયેલ તથા ગુનામાં ચોરી થયેલ સદરહુ કાર બીનવારસી મળી આવેલ હતી.

સુરત શહેર ક્રાઇમ બ્રાન્ચની ટીમ અનડીટેક્ટ ગુનાઓને શોધી કાઢવા પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન મળેલ બાતમીના આધારે ક્રાઇમ બ્રાંચના પી.એસ.આઇ. તથા તેમની ટીમના માણસોએ ગુનાનાં મુખ્ય સૂત્રધાર પૈકી નાના ઉર્ફે રાજુ તોતારામ દુસાને જાતે સોનાર ઉ.વ.૫૧ રહે. ફ્લેટ નં.એ-૧૦૨, અંજની નંદન રેસીડેન્સી મારૂતીવિલા સોસા.ની બાજુમાં સણીયા કણદેગામ, સુરત શહેર. મુળ ગામ નેર કોસંબા તા. સાક્રી જી. ધુલીયા મહારાષ્ટ્રને એક્ટીવા મોપેડ સાથે ઝડપી પાડેલ અને આરોપીએ પૂછપરછ દરમિયાન પોતાના મિત્ર કિશોર ગોરધનભાઈ રાબડીયા રહે. ફ્લેટ નં.૩૦૨, વિરાજ વીલા, અશ્વનીકુમાર સ્મશાનની બાજુમાં, ફુલપાડા, સુરત તથા અબ્દુલ મતીન મુળ રહે. યુ.પી.નાઓ સાથે મળી ચોરી તથા લૂંટનાં ગુનાને અંજામ આપવા માટે યોજના બનાવી તે ગુનાઓ આચરવા માટે હ્યુન્ડાઇ વર્ના કારની ચોરી કરેલ. આ દરમિયાન કિશોર રાબડીયા સાણંદ જીઆઇડીસી પો.સ્ટે.નાં લૂંટનાં ગુનામાં પકડાઇ જતાં પોતે અબ્દુલ મતીન સાથે મળી રેકી કરી મધુર ગોલ્ડમાં લૂંટ કરવાની યોજના બનાવી અબ્દુલ મતીને તેનાં સાગરીતો સાથે મળીને યોજના મુજબ લૂંટ કરી મુદ્દામાલ લઇ નાસી ગયેલ હોવાની હકીકત જણાવેલ છે તથા વાહન ચોરીના ગુનામાં સંડોવાયેલ આરોપી કિશોર ગોરધનભાઈ રાબડીયા હાલ અમદાવાદ સાણંદ જીઆઇડીસી પો.સ્ટે. I ગુ.ર.નં. ૪૭/૨૦૧૭ ઈ.પી.કો. કલમ ૩૯૫, ૩૪૨, ૩૨૩ મુજબનાં ગુનાનાં કામે કોર્ટ કસ્ટડીમાં છે.

**આરોપીનો ગુનાહીત ઈતિહાસ**:

(૧) મહિધરપુરા પો.સ્ટે. I ગુ.ર.નં.૨૧૭/૯૭ ઇ.પી.કો.કલમ ૪૫૪, ૩૮૦, ૧૧૪ (૨)સચીન પો.સ્ટે. I ગુ.ર.નં.૮૮/૨૦૦૧ ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪ (૩) ઉધના પો.સ્ટે. I ગુ.ર.નં. ૯૮/૨૦૦૧ ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪ (૪) કાપોદ્રા પો.સ્ટે. I ગુ.ર.નં. ૨૧૨/૨૦૦૧ ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪ (૫) મરીન પો.સ્ટે. I ગુ.ર.નં.૧૪/૨૦૦૮ ઇ.પી.કો. કલમ ૪૦૭, ૧૧૪ (૬) સલાબતપુરા પો.સ્ટે. I ગુ.ર.નં.૩૩૭/૨૦૦૮ ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ (૭) કાપોદ્રા પો.સ્ટે. I ગુ.ર.નં. ૪૩૧/૨૦૦૮ ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ (૮) કાપોદ્રા પો.સ્ટે. I ગુ.ર.નં. ૨૦૫/૨૦૦૮ ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ (૯) કાપોદ્રા પો.સ્ટે. I ગુ.ર.નં. ૫૮/૨૦૦૮ ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ (૧૦) પાંડેસરા પો.સ્ટે. I ગુ.ર.નં.૩૫૬/૨૦૦૮ ઇ.પી.કો. કલમ ૩૭૯, ૧૧૪ (૧૧)મહિધરપુરા પો.સ્ટે. I ગુ.ર.નં.૧૩૪/૨૦૦૮ ઇ.પી.કો. કલમ ૪૫૪, ૩૮૦, ૧૧૪ (૧૨)સચીન પો.સ્ટે. I ગુ.ર.નં. ૨૩૯/૨૦૦૮ ઇપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ (૧૩) લીમ્બાયત પો.સ્ટે. I ગુ.ર.નં. ૨૦૮/૨૦૧૧ ઇ.પી.કો. કલમ ૩૭૯

આ ઉપરાંત આરોપી કડોદરા પો.સ્ટે. ખાતે ચોરી તથા હજીરા પો.સ્ટે. ખાતે પણ વિશ્વાસઘાતના ગુનામાં પકડાયેલ છે.